આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 28-05-2024 સમય : સવારે 6.50 વાગ્યે

---

## <u>ચૂંટણી પરિણામ મ</u>

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે.

રાજકોટમાં ગેમઝોનમાં આગ લાગવાની દુર્ઘટના સંદર્ભમાં રાજ્ય સરકારે 5 પોલીસ અધિકારીઓની બદલીનાં આદેશો બહાર પાડ્યા છે તે સાથે અધિક પોલીસ આયુક્ત વિધિ ચૌધરીને સ્થાને પશ્ચિમ કચ્છ પોલીસ નાયબ મહા નિયામક મહેન્દ્ર બગડિયાને નિયુક્ત કરાયા છે.

RNU અમદાવાદ / ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## રાજકોટ આગ-એફએસએલ

રાજકોટ આગ દુર્ઘટનામાં મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારને સત્વરે મળે તે માટે ગાંધીનગર એફએસએલ દિવસરાત કામગીરી કરી રહી છે.

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે એફએસએલમાં ડીએનએ પરિક્ષણની કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યુ હતું કે, ડીએનએ માટેના નમૂના સત્વરે પહોંચાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી જેથી સમય બચી શકે.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------

## રથયાત્રા-સીસટીવી કેમેરા

અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર રથયાત્રા પહેલા પ્રથમ વખત 1 હજાર 500 સીસીટીવી કેમેરા લગાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

ક્રાઇમ બ્રાંચના ડીસીપી અતુલ રાજયને પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સીસીટીવી પબ્લીક સેફટી પ્રોજેક્ટ હેઠળ રથયાત્રાના 18 કીલોમીટર લાંબા રૂટ પર સીસીટીવી રથયાત્રા પહેલા લાગી જશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રથયાત્રાના રૂટ પર આવતા દરિયાપુર, શાહપુર, જમાલપુર અને કારંજ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવાનું કામ શરૂ થઇ ગયું છે. હાલ 348 સીસીટીવી લાગી ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોટ વિસ્તારમાં થતાં તોફાનો દરમ્યાન પોલીસને માહીતી મેળવવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ સીસીટીવી કેમેરા લગાવાતા પોલીસ કાર્યવાહીમાં સરળતા રહેશે.

RNU અમદાવાદ

---

## વત્સલ મહેશ્વરી-પાવરલિફ્ટીંગ સુવર્ણ ચંદ્રક

ભુજના વત્સલ મહેશ્વરીએ કાઝાકીસ્તાન ખાતે 26 મી ના રોજ પૂરી થયેલી એશિયન ચેમ્પીયનમાં પાવર લીફટીંગ ની ડેડ લીફ્ટ માં સબ-જુનિયર વર્ગમાં સુવર્ણ ચંદ્રક મેળવી  એશિયન ચેમ્પીયન હાંસલ કરી છે. ઉપરાંત ફૂલ મીટ સ્પર્ધામાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. પાવર લીફટીંગમાં ત્રણ વખતના રાષ્ટ્રીય ચેમ્પીયન વત્સલે ડેડ લીફ્ટમાં ૨૧૦ કિલો વજન ઉપાડ્યું હતું જયારે તેના ૧૦ દેશો ના હરીફો ૧૮૦ અને ૧૯૫ કિલો વજન ઉપાડી શક્ય હતા.વત્સલે ફૂલ પાવર માં ૪૭૭.૫ કિલો વજન ઊંચક્યું હતું અને રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

RNU અમદાવાદ

---

## <u>ભુજ-દાદર-સયાજીનગરી ટ્રેન</u>

ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનના સમય માં ફેરફાર કરવામાં આવ્યો છે  1 જૂન 2024 થી 6વાગીને 49 મિનિટે આગમન અને 6 વાગીને 51 મિનિટે પ્રસ્થાનના બદલે 6:28એ આગમન અને 6:30 પ્રસ્થાનનો સમય રહેશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## <u>તાપમાન</u>

ગત બુધવારે 46.1 ડિગ્રી તાપમાન સાથે રાજ્યભરમાં મોખરાના સ્થાને ગરમ બનેલા ગાંધીધામ અને અંજાર વિસ્તારને સાંકળતા કંડલા એરપોર્ટ મથકે પારો 45.3 ડિગ્રીએ પહોંચતાં ફરી રાજ્યમાં સર્વાધિક ગરમ મથક બન્યું હતું. તો ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 41.5 ડિગ્રી રહેતાં ગરમીમાં નોંધપાત્ર રાહત મળી હતી.

N.P. આરતી ભટ્ટ

---------------------------------------------------------------------------

## <u>ઘુડખર-વસ્તી ગણતરી</u>

વનવિભાગ દ્વારા તાજેતરમાં ઘુડખર વસ્તી ગણતરી 2024 યોજવામાં આવી હતી, પાંચ જિલ્લા થયેલી વસ્તી ગણતરીમાં કાળાડુંગરથી લઈને બનાસકાંઠા સુધી આ ઘુડખર નોંધાયા છે. આ વર્ષે વસ્તી 8 હજાર સુધી પહોંચી છે, બીજીતરફ રાજસ્થાન વનવિભાગે કરેલી વસ્તી ગણતરીમાં પણ ઘુડખર નોંધાયા હતા.

N.P. આરતી ભટ્ટ

---

## કચ્છ-કોલેજ પ્રવેશ કાર્યવાહી

કચ્છ સહિત રાજ્યની સ્ટેટ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોલેજોમાં શૈક્ષણિક વર્ષ 2024-25 માટેની પ્રવેશ કાર્યવાહી ગુજરાત કોમન એડમિશન પોર્ટલ (જીકાસ)ના માધ્યમથી હાથ ધરવામાં આવી છે. જેમાં સ્નાતક કોર્સમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે.જ્યારે ચોઇસ ફિલિંગ પ્રેફરન્સ 2 જૂનથી 5 જૂન સુધીનો રહેશે. વિદ્યાર્થીઓ એડમિશનને લગતા ડોક્યુમેન્ટ્સ, જરૂરી ફી લઈ કોલેજના સમયમાં રિપોર્ટિંગ 13થી 21 જૂન દરમિયાન કરાવી શકશે. જ્યારે અંતિમ પ્રવેશ ફાળવણી 12 જૂને કરવામાં આવશે. પ્રવેશ વધુ માહિતી પોર્ટલ પરથી મેળવી શકશે.

N.P. આરતી ભટ્ટ

---